**રે.દિ.દાવા નં. :– ૩૧/૨૦૧૩**
**આંક:– ૮૧**
**(શરૂ–૧૨:૪૦, પુર્ણ– ૦૧:૦૮ )**

વાદી તરફની સાહેદી નંબર (*PW No.* ૨)ની જુબાની
હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– પ્રદિપસિંહ    પિતા/પતિનું નામ:– અજીતસિંહ પરમાર

ઉ.વ.:– ૩૯

ધંધો:– નોકરી.(સબ રજીસ્ટ્રાર)    સરનામુ:– રતનપર, તા., જી. સુરેન્દ્રનગર

**સોગંદ આપ્યા.....**

**વાદી તરફે સબ રજીસ્ટ્રાર હળવદ પ્રદિપસિંહ અજીતસિંહ પરમારની સરતપાસ વિ. વ.શ્રી જે.સી.ભટ્ટ.**

(૧) હું આજરોજ કોર્ટના સાહેદ સમન્સના આધારે કોર્ટમા સાહેદી આપવા માટે હાજર રહેલ છુ. હુ છેલ્લા દોઢ વર્ષથી સબ રજીસ્ટ્રાર કચેરી હળવદ ખાતે સબ રજીસ્ટ્રારના હોદા પર ફરજ બજાવુ છુ. આજરોજ હું નામ.કોર્ટના સહેદ સમન્સમા દર્શાવેલ દસ્તાવેજી પુરાવાઓમા મારી સાથે વેચાણ દસ્તાવેજ નં.૧૦૫૮, તા.૧ ૭/૦૭/૧૯૯૫ની સહી સીકકાવાળી કોપી લઈને આવ્યો છું જે વેચાણ દસ્તાવેજમા વેચાણ આપનાર તરીકે દલવાડી હરખા નથુ ગુજરીયાના વારસો ૧ દલવાડી મોહનભાઈ હરખાભાઈ અને ૨ ભુદરભાઈ હરખાભાઈ દલવાડી તથા ખરીદનાર તરીકે ચાવડા જેશીંગભાઈ ચતુરભાઈને દર્શાવેલ છે અને જે અમારી સબ રજીસ્ટ્રાર કચેરીમા ધોરણસર રજીસ્ટર થયેલ વેચાણ દસ્તાવેજ છે જે હું આજરોજ સર્ટીફાઈડ કોપી મારી સહી તથા મારા હોદાના સીલવાળી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૮૨.**

(૨) વેચાણ દસ્તાવેજ નં.૧૬૦૮, તા.૨૩/૧૧/૧૯૯૨ની સહી સીકકાવાળી કોપી લઈને આવ્યો છું જે વેચાણ દસ્તાવેજમા વેચાણ આપનાર

તરીકે દલવાડી હરખા નથુ ગુજરીયાના વારસો ૧ દલવાડી મોહનભાઈ હરખાભાઈ અને ર ભુદરભાઈ હરખાભાઈ દલવાડી તથા ખરીદનાર તરીકે દલવાડી લવજી દેવરાજને દર્શાવેલ છે અને જે અમારી સબ રજીસ્ટ્રાર કચેરીમા ધોરણસર રજીસ્ટર થયેલ વેચાણ દસ્તાવેજ છે જે હું આજરોજ સર્ટીફાઈડ કોપી મારી સહી તથા મારા હોદાના સીલવાળી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૮૩**

(૩) સુધારા દસ્તાવેજ નં.૬ર, તા.૧૫/૦૧/૧૯૯૩ની સહી સીકકાવાળી કોપી લઈને આવ્યો છું જે સુધારા દસ્તાવેજમા લખી આપનાર તરીકે દલવાડી હરખા નથુ ગુજરીયાના વારસો ૧ દલવાડી મોહનભાઈ હરખાભાઈ અને ર ભુદરભાઈ હરખાભાઈ દલવાડી તથા લખાવી લેનાર તરીકે દલવાડી લવજી દેવરાજને દર્શાવેલ છે અને જે અમારી સબ રજીસ્ટ્રાર કચેરીમા ધોરણસર રજીસ્ટર થયેલ સુધારા દસ્તાવેજ છે જે હું આજરોજ સર્ટીફાઈડ કોપી મારી સહી તથા મારા હોદાના સીલવાળી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૮૪**

**પ્રતીવાદી નં.૧, ર તરફે ધોરણસર નોટીસ બજી જવા છતા હાજર ન હોય તેઓ તરફે ઉલટ તપાસ નથી.**

**પ્રતીવાદી નં.૩ તરફે ઉલટતપાસ વિ.વ.શ્રી વિ.સી.જાની.**

(૪) એ વાત ખરી છે કે મે રજુ રાખેલ દસ્તાવેજોમા ૧૯૯ર, ૧૯૯૩ અને ૧૯૯૫ના છે. એ વાત ખરી છે કે હાલના દાવામા જે સમયે મીલકતનો વેચાણ દસ્તાવેજ થયો તે સમયે વેચનારની માલીકીના દસ્તાવેજી પુરાવા વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન સમયે રજીસ્ટ્રારશ્રીની કચેરીમા રજુ રાખવાનો નીયમ અમલમા ન હતો. એ વાત ખરી છે કે તે કારણસર મે રજુ રાખેલ આંક–૮રથી ૮૪ના દસ્તાવેજો સમયે માલીકીના આધારો વેચાણ આપનારે અમારી કચેરી સમક્ષ રજુ રાખેલ નહી. એ વાત ખરી છે કે મે અમારા રેકર્ડનો આધારોવાળો દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે તથા રેકર્ડ આધારીત સોગંદ ઉપર જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે મે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા રજીસ્ટર સમયે વેચનાર મીલકતના માલીક હતા કે કેમ તે હું કહી શકુ તેમ નથી. એ વાત ખરી

છે કે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર થયો તે સમયે વેચાણ દસ્તાવેજવાળી મીલકતનો કબજો વેચાણ દસ્તાવેજથી વેચનાર પાસે હતો કે કેમ તે હું ચોકકસપણે કહી શકુ તેમ નથી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૨૨/૦૧/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*